# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# જૈનપણાંનું સાર્થકપણું ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?

**જૈનો જાગો**

રમેશ વૈજાણી

**લેખાંક : ૪૯**

આપણને વર્તમાન ભવમાં જૈનકુળ મળ્યું અને જૈનધર્મ મળ્યો, તે મળવાનું કારણ પૂર્વનાં ભવોમાં કરેલી કષાયોની મંદતા અને ઘણાં કારણોમાં મુખ્ય કારણ ઘણાં અંશે ત્યાગેલી હિંસા અને ઘણાં પૂણ્યનાં યોગે તેનાં ફળ સ્વરૂપે મળેલું જૈનકુળ અને જૈનધર્મ, (સર્વ શ્રેષ્ઠ કુળ અને ધર્મ) તો આપણે આ ભવમાં શું કરવાનું છે ? અને આપણે આ ભવમાં આખી જિંદગી શું કર્યું ? તેનો વિચાર ક્યારેય કર્યો છે ? પૂર્વનાં ભવોમાં મોક્ષમાર્ગમાં (આત્માનાં કલ્યાણ અર્થે) ચાલવા માટે ઘણો જ પુરૂષાર્થ કર્યો હશે અને તેનાં ફળ સ્વરૂપે સહજતાથી મોક્ષમાર્ગ મળે અને તે માર્ગમાં ચાલવાની બળવાન સંજોગ અનુકુળતા પ્રાપ્ત થાય અને આત્મકલ્યાણનું કારણ બને અને આત્મીક ગુણો પ્રકાશીત થાય તેવા ભાવે પૂર્વમાં કરેલી કષાયોની મંદતા એ વર્તમાન ભવમાં મળેલું જૈનકુળ સ્વરૂપી ફળ ગણાય. જીવે આ ભવમાં મોક્ષમાર્ગ વિષે શું જાણ્યું ? શું શ્રધ્ધા કરી ? અને મોક્ષમાર્ગની શી આરાધનાં કરી ? તેનો વિચાર કરવો જોઈએ અને ન સમજાય તો શ્રી ધર્માચાર્યો પાસેથી યથાર્થ સ્વરૂપની સમજણ મેળવવી જોઈએ.

*** સત્સંગ ***

**પરોપકારી, પરમ ઉપકારી, પરમાત્માને પ્રભુપણાંએ, પ્રભુપણાંમાં, પ્રભુપણાને, પ્રભાવિત ભાવે, પ્રસ્થાપીતપણાં વગર, પરમાર્થભાવે, પરમાત્માને પૂજ્યાં નહીં,**

**''અને''**

**જે ભાવે પૂજ્યાં (પુણ્યનાં) તે તો ભવ બંધનનું કારણ બન્યું.**

ભવ ભ્રમણથી છુટવા માટે અને મુક્તિ પ્રાપ્ત કરવી એ જીવનો ધર્મ ગણાવ્યો છે. અને છતાં ઘણી ઘણી દુર્લભતા ગણી છે. (લગભગ ૮૪ લાખ યોની, ૮૪ લાખ જીવને ઉત્પતીનાં સ્થાનક) લગભગ ૮૪ લાખમાંથી ફક્ત ૧ યોનીમાંથી જ જીવને મોક્ષમાર્ગની આરાધનાં અને મોક્ષ પ્રાપ્તી થાય છે, તેનાં ઉપરથી ખ્યાલ આવે કે મોક્ષ પ્રાપ્તી કેટલી દુર્લભ છે. માટે એમ કહેવાય કે મોક્ષ માટે મનુષ્યપણું અનિવાર્ય છે. જીવને મુક્તિ (મોક્ષ) માટેનાં ચાર કારણો મુખ્ય અને અનિવાર્ય છે અને તે કેટલા દુર્લભ છે, તેની વિચારણાં કરીએ.

**૧.** ઘણાં-ઘણાં ભવોમાં ભટકતા ભટકતા ઘણી દુર્લભતાએ મનુષ્યપણું પ્રાપ્ત થાય છે, તે મનુષ્યપણાંમાં પણ આર્યભુમિ મળવી તેનાંથી પણ વધારે મુશ્કેલ છે અને આર્ય ક્ષેત્ર મળ્યાં પછી આર્યકુળ મળવું તેનાંથી પણ વિશેષ દુર્લભ છે અને આર્યકુળ મળ્યાં પછી મોક્ષમાર્ગી કુળ અને ધર્મ મળવો તે આનાથી પણ વધારે દુશ્કર છે.

**૨.** મનુષ્યપણાંમાં મોક્ષમાર્ગી ધર્મ જાણવા મળવો તે મનુષ્યપણાં કરતાં પણ અતિ દુર્લભ છે. (ઘણાં ભવો મનુષ્યપણું પ્રાપ્ત કર્યું હોય ત્યારે એકાદ વખત મોક્ષમાર્ગી ધર્મ જાણવા મળે.)

**3.** મોક્ષમાર્ગી ધર્મ જાણવામાં (સાંભળવામાં) અને જાણવામાં આવવો તે મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જીવ ઘણી ઘણી વખત જન્મે ત્યારે ક્યારેક જ સાંભળવામાં અને જાણવામાં આવે તેવું અત્યંત મુશ્કેલ અને દુશ્કરપણું છે. (શ્રધ્ધા માટે).

**૪.** જીવને મોક્ષમાર્ગ સાંભળવા-જાણવા-માનવા અને શ્રધ્ધા કરીને શ્રધ્ધવા (આરાધવા) માટે તો અતિ અતિ દુર્લભપણું અને અતિ દુશ્કરપણું ગણ્યું છે. **''અને જે બાળજીવો આરાધે છે, તેજ જીવો મુક્તિ પામે છે.''**

માટે જીવની મુક્તિ (મોક્ષ) માટે ચાર કારણો જે છે, તે દરેક કારણો એક એક થી ચડિયાતા દુર્લભપણાંનાં ગણાય. આવા દુર્લભ કારણો જે પ્રાપ્ત થવા જોઈએ તેમાંથી અત્યારે આપણે કેટલા કારણો પ્રાપ્ત કર્યા અને જે બાકી કારણો કેવી રીતે પ્રાપ્ત કરવા તેની વિચારણાં કરીએ. બાળજીવોને

**પહેલું દુર્લભપણું :** મનુષ્યપણાનું. જૈનકુળ અને જૈનધર્મ પ્રાપ્ત થવાથી પહેલું કારણ પ્રાપ્ત થયું ગણાય.

**બીજું દુર્લભપણું :** શ્રી ધર્માચાર્યોનો યોગ થવાથી બીજું કારણ પ્રાપ્ત થયું ગણાય. વર્તમાનમાં ઘણાં જ શ્રી ધર્માચાર્યો છે અને તેમનો યોગ પણ સરળતાથી થાય છે માટે જો શ્રી ધર્માચાર્યો મોક્ષમાર્ગી એવો નિશ્ચયચય બોધ કે આત્મબોધ આપતાં હોય તો બીજું કારણ પ્રાપ્ત થયું ગણાય. અને જો ન આપતાં હોય તો તે શ્રી ધર્માચાર્યોનો દોષ ગણાય કારણ કે બાળજીવો તો જન્મથી જે મળ્યો તેને જ મોક્ષધર્મ જાણે છે અને માને છે.

**ત્રીજું દુર્લભપણું :** શ્રી ધર્માચાર્યો પાસેથી સતત મોક્ષમાર્ગની ઝુરણાં રાખીને જો બાળજીવો સાંભળતા અને સમજતાં રહે તેવો યોગ હોવાથી દરેક શ્રી ધર્માચાર્યો પાસેથી બાળજીવો મોક્ષમાર્ગ માગતા રહે તો શ્રી ધર્માચાર્યોએ આપવો જ પડે (તે તેમનું જીવન કર્તવ્ય ગણાય.) અને સતત સાંભળતાં અને સમજતા રહેવાથી બાળજીવને શ્રધ્ધામાં આવતાં વાર ન લાગે. (મોક્ષમાર્ગ સર્વ સમયે, સર્વ ક્ષેત્રથી અને સર્વ જીવો માટે એક જ સરખો છે) અને તેવા યોગો પણ બાળજીવોને વર્તમાનમાં પ્રાપ્ત થયેલા છે, તો આવી રીતે જીવને ત્રીજું કારણ પ્રાપ્ત થયું ગણાય.

**ચોથું દુર્લભપણું :** બાળજીવોને જો સતત મોક્ષમાર્ગી, આત્મધર્મ કે નિશ્ચયબોધ યા સિધ્ધાંતબોધ જે કહેવો હોય તે મોક્ષ માટેનો બોધ જો સતત જાણવામાં અને શ્રધ્ધામાં આવે તો વર્તમાનનાં બાળજીવોની ધર્મ કરવા માટેની જે તૈયારી છે, (અર્થનાં મોટા ત્યાગની, મોટી મોટી તપસ્યાઓની વિગેરે) અને સાથે રાજ્યાશ્રયની ધર્મ આરાધન માટેની સંપૂર્ણ સ્વતંત્રતા અને સમાજ વ્યવસ્થા અને કુટુંબ અવસ્થા અને ઉંમર મર્યાદા, અને અર્થ અને આરોગ્યની યોગ્યતા વિગેરે શ્રેષ્ઠ અને સર્વોત્તમ સંજોગોની પ્રાપ્તી હોવાથી જીવ સરળતાથી આત્મધર્મ આરાધી શકે એવા ભાવ અને સંજોગોની પૂર્ણતા મળેલ હોવાથી જીવને ચોથા કારણની પણ પ્રાપ્તી થવાનાં યોગ અને સંજોગ ગણાય.

આવી રીતે બાળજીવોને જે મોક્ષમાર્ગનાં ચાર દુર્લભપણાં ગણાય છે તે બાળજીવો સત્યની ઝુરણાં કરીને (મોક્ષમાર્ગની જિજ્ઞાસા રાખીને) શ્રી ધર્માચાર્યો પાસેથી નિશ્ચયબોધ લેવાનો સતત આગ્રહ રાખે, અને આરાધવાનાં ભાવ કેળવે તો જીવને ભવ ભ્રમણમાંથી છુટવું મુશ્કેલ નથી.

બાળજીવ જેમ ભૌતિકમાં સંસારીક પદાર્થોની પ્રાપ્તી કરવા જેમ તપાસ કરે છે અને છેતરાવા માગતો નથી તો પછી આ તો મનુષ્યપણું, જૈનકુળ અને જૈન ધર્મનું સફળ કરવું કે નિરર્થકપણું પ્રાપ્ત કરવું તેનો સવાલ છે. માટે શ્રી ધર્માચાર્યો પાસેથી સાચો શાસ્ત્ર આધારીત મોક્ષમાર્ગ (નિશ્ચયબોધ) જાણવા અને માનવા માટે અને આરાધવા માટે શ્રી ધર્માચાર્યો પાસે જઈને નમ્રતા સહિત, આદરભાવે અને નિર્ભયતાપૂર્વક સવાલો કરીને જવાબ મેળવીને તેમની નિશ્રામાં મોક્ષમાર્ગ આરાધવો તેજ ભવ મુક્તિનું કારણ ગણાય અને શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ભક્તિ, આરાધના અને શ્રધ્ધા કરી ગણાય.

**મોક્ષમાર્ગનાં ઝુરણાં સહિત કરેલા સવાલ એ જ્ઞાનની આરાધનાં ગણાય.**

**''પણ''**

**જવાબ સાચા ન આપવા એજ વિરાધનાં ગણાય.**

નિશ્ચયબોધ એજ સિધ્ધાંતબોધ એજ આત્મબોધ એજ શ્રી તીર્થંકર પરમાત્માનો બોધ અને એજ મોક્ષબોધ.

હવે નિશ્ચયબોધ કોને આપવો ગમે છે, તેનાં લક્ષણો અને ગુણોની વિચારણાં કરીએ.

**૧.** જે જીવાત્માને શ્રી તીર્થંકર પરમાત્માનું ઉપકારીપણું માનીને બળવાન શ્રધ્ધા છે, તે મહાત્માને નિશ્ચયબોધ (સિધ્ધાંત બોધ - આત્મબોધ) આપવો ગમે છે.

**૨.** જે જીવાત્માને શાસ્ત્રોમાં બળવાન શ્રધ્ધા છે અને શાસ્ત્રોનું ઘણું અધ્યયન અને જાણકારી છે, તેવા મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**3.** જે જીવાત્માએ શાસ્ત્રોનો બોધ (નિશ્ચયબોધ) જીવનમાં ઊતાર્યો છે (આરાધે છે), તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**૪.** જે જીવાત્મા ધર્મનાં આરાધન માટે શ્રી ગુરૂનું માહાત્મ્ય જાણે છે, અને તેનાથી પણ વધારે માને છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

*** સત્સંગનું ફળ ***

**જીવ જાણતાં કે અજાણતાં સત્સંગસભા (ધર્મસભા)માં જાય તો તેનાં ફળ સ્વરૂપે નિશ્ચયબોધ સાંભળવા – જાણવા – સમજવા અને શ્રધ્ધામાં આવતાં શ્રધ્ધ્યે અને આરાધે અને તેનાં ફળ સ્વરૂપે જીવ, ભવ મર્યાદા બાંધે, વધીને ૧૫માં ભવે મોક્ષે જાય, અને સમાધી મરણ પ્રાપ્ત કરે તો વધીને ૮માં ભવે મોક્ષે જાય, અને ક્ષાયિક સમકિત પામે તો વધીને ૫માં ભવે મોક્ષે જાય.**

**આ છે, જાણતાં કે અજાણતાં જીવને મળેલા આત્માનુભવિ જ્ઞાનીનાં સત્સંગનું ફળ.**

**૫.** જે જીવાત્માનાં જીવનમાં ગુરૂદેવનું સ્થાન, નામ અને માન, પોતાનાં કરતાં પણ અનંતગણું મહત્વપૂર્ણ અને ઉપકારી ગણે છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**૬.** જે જીવાત્મા પોતાનું નામ અને ગુણોનો મહિમા બતાવવાને બદલે પોતાનાં ગુરૂદેવનું નામ-કિર્તી-યશ અને તેમનો પ્રચાર અને પ્રસારવામાં પોતાનાં જીવનની ધન્યતા ગણે છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**૭.** જે જીવાત્માને પોતાનાં ગુરૂદેવની હાજરીમાં તેનાં સાન્નિધ્યમાં નાના બાળક બનીને રહેવું અને તેમની આજ્ઞાને અત્યંત ભક્તિભાવે અને આત્મોલ્લાસે પાળવી અને તેમની ગેરહાજરીએ તેમનાં નામનું સ્મરણ સતત હૃદયમમાં ધબકતું રહે અને તેમનાં નામનો મહિમા વધે તેવું જીવન જીવે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**૮.** જે જીવાત્મા પોતાને પ્રાપ્ત થયેલી લાયકાત (ગુણોનું પ્રગટવું અને કષાયોને કાપવા) અને જ્ઞાનની પ્રાપ્તીને ગુરૂકૃપાનું ફળ ગણે, (ગુરૂભક્તિનું ફળ નહીં, તે ગણવાથી ભક્તિનો અહંકાર આવે) અને પામરમાં પાવનતા પ્રગટાવી તેવું માને તેવાં મહાત્માઓને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**૯.** જે જીવાત્માને પોતાનાં જીવનમાં શ્રી પરમાત્માનું અને ગુરૂદેવનું નામ અને જ્ઞાન કરતાં વિશેષ કાંઈજ પ્રિય અને મહત્વનું ન હોય તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**૧૦.** જે જીવાત્માને બાળજીવો પ્રત્યે અત્યંત કરૂણાદ્રષ્ટિ રહેલી છે (એક ભવનું દુ:ખ દુર કરવાની નહીં પણ ભવ ભ્રમણનાં દુ:ખ ટાળવા માટેની) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**અનુસંધાન સામે પાના નં ૧૫ પર →**

અનુસંધાન સામેનાં પાના નં ૧૪થી ચાલું

૧૧.જે જીવાત્માની અંતર-અભિલાષા સર્વ જીવો ભવ ભ્રમણનું દુઃખ ટાળીને શાશ્વતાં સુખનાં અધિકારી બને તેવાં ઉચ્ચતમ ભાવથી ભાવનાં ભાવતા હોય તેવા મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**ત્યાગીપણું સારી સ્થિતી કહેવાય.**
**વૈરાગીપણું શ્રેષ્ઠ સ્થિતી કહેવાય.**
**વિતરાગીપણું સર્વશ્રેષ્ઠ સ્થિતી કહેવાય.**

૧૨.જેજીવાત્માએ જગતને આધી-વ્યાધી-ઉપાધીથી ભરેલું માન્યું છે અને જગતને દુઃખ સ્વરૂપ ગણ્યું છે (જગતને ભય સ્વરૂપ નહીં) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૧૩.જેજીવાત્મા શાસ્ત્રનું આરાધન ઓછું સ્વિકારી શકે પણ ખોટું આરાધન ન સ્વિકારે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૧૪.જેજીવાત્મા પોતાનાં જીવનમાં નિશ્ચયબોધની સાધના આરાધતા હોય (જીવ સ્વકલ્યાણ કરતાં કરતાં પરકલ્યાણ કરતાં હોય) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૧૫.જે જીવાત્મા પોતાનાં જીવનમાં શ્રી પરમાત્માનું અને તેમનાં ગુરૂદેવનાં ગુણ અને ગીતો ગાતા થાકતા ન હોય (આહાર અને નિંદ્રા ભુલીને, દેશ-કાળ ભુલીને) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**ત્યાગમાં ત્યાગનું સ્મરણ તે ત્યાગ.**
**ત્યાગમાં ત્યાગનું વિસ્મરણ તે વૈરાગ્ય.**

૧૬.જે જીવાત્માને સ્વધર્મનો પ્રભાવ, શ્રી તીર્થંકર પરમાત્માનું નામ અને પોતાનાં ગુરૂદેવની ગુણ સમૃધ્ધતા બતાવવામાં અને ફેલાવવામાં અંતરરૂચી હોય તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૧૭.જે જીવાત્માને આશ્રયે આવેલા બાળજીવો સાધક-આરાધકોનું આત્મકલ્યાણનું હીત લક્ષમાં બળવાનપણે રહેલું હોય (બાળજીવો અજાણતાં પડે તો પણ તેવા જીવોને પડવા ન દે, તેવો જાગૃત ઉપયોગ) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૧૮.જેજીવાત્મા પુસ્તક થકી બોધ આપવાને બદલે પ્રત્યક્ષ બોધનું મહત્વ માને છે અને અનુભવે છે તેથી તેવા જીવાત્માઓ આખી જિંદગીમાં અલ્પ પુસ્તકો લખે છે અને મોટા ભાગનો સમય પ્રત્યક્ષ બોધ આપે છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે. (એક વાક્યનાં વિસ્તરણમાં આખું પુસ્તક લખાય તેનું નામ ઉપદેશબોધ અને આખા પુસ્તકનો સાર એક વાક્યમાં અપાય તેનું નામ નિશ્ચયબોધ)

**જીવને મોક્ષનો માર્ગ મળે છે, મફતમાં,**
**''પણ''**
**મરણનો માર મળે છે, માગીને.**

૧૯.જેજીવાત્માનાં જીવનમાં શાસ્ત્રોમાં આપેલા તત્વો અને સિધ્ધાંતોમાં બળવાન શ્રધ્ધા અને સ્થિરતા, મક્કમતા સહિતની આત્મદ્રઢત્વથી ભરેલી છે (દેહ છુટે, જગત છુટે યા જગતથી દુર થાય પણ સિધ્ધાંતમાં પોતાનાં જીવનમાં પોતાને માટે બાંધછોડ ન કરે પણ એકલવીર બનીને પોતાનામાં સ્થિર રહે, અન્યનાં આધાર વગર) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**ત્યાગનાં, ત્યાગને, ત્યાગથી**
**''તાકીને'', ત્યાગનાં ત્યાગી ન થવાય**
**''પણ''**
**ત્યાગનાં, ત્યાગને ''ત્યાગીને''**
**ત્યાગને વૈરાગ્યમાં ફેરવીને**
**ત્યાગથી, ત્યાગનાં ''ત્યાગી'' થવાય.**

૨૦.જે જીવાત્મા પોતાનાં આશ્રયે આવેલા બાળ અનુયાયીઓનાં આત્મકલ્યાણનાં હિતાર્થે કે જીવન નિભાવવા અર્થે અગર કોઈપણ પ્રકારની પ્રતિકુળતાં આવે તો પોતાનાં સાધકોની આગળ અડીખમ બનીને આત્મસન્માન સહિત યોગ ગર્જનાં કરીને (ક્રોધ, આક્રોશ કે લાચારી નહીં) પોતાનાં જીવનનું પ્રથમ બલીદાન આપવા તૈયાર હોય છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે. (પોતાને માનતાં સાધકોને અનાથ બનાવતાં નથી)



# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
## જૈનપણાંનું સાર્થકપણું ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?

૨૧.જે જીવાત્મામાં પૂર્ણ આત્મસ્વમાનનું ગૌરવ પ્રગટ્યું હોય (યાચકપણાંમાં સ્વમાન હણાય તેવું માનતા હોય) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૨૨.જે જીવાત્મા પોતાનાં ગુરૂદેવ સિવાય કોઈની પણ પરાધીનતા સ્વિકારતો નથી, અન્ય કોઈથી ભય પામતો નથી (જગત સાથે નમ્રતા સહિત અને આદર ભાવે વર્તે છે) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૨૩.જેજીવાત્મા અર્થનાં ફંડ-ફાળા કરતાં ધર્મ આરાધનામાં બળવાન રૂચિ અને વધારે સમય આપવામાં માને છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે. (નિશ્ચયબોધનું અને તે બોધનાં આરાધનથી થતું બળવાન પુણ્ય અને યોગબળનાં ફળ સ્વરૂપે અર્થ માગવું નથી પડતું પણ અર્થની વર્ષા થાય છે અને તે વર્ષાને રોકવી પડે છે.)

**જે જાણે છે, તે જણાવે છે.**
**જે જણાવે છે, તે જાણકાર બનાવે છે.**

૨૪.જે જીવાત્માને મનુષ્યપણાંની અને જૈનકુળ અને જૈનધર્મની દુર્લભતાં સમજાણી છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૨૫.જેજીવાત્માને ધર્મ (શાસ્ત્રોનો સાર, મુક્તિનાં માર્ગ)ની જાણવાની અને સાંભળવાની અતિ દુર્લભતા સમજાણી છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૨૬.જે જીવાત્માએ ધર્મની (શ્રી પરમાત્માએ આપેલો મોક્ષમાર્ગ) અતિ-અતિ દુર્લભતા માની છે, જાણી છે અને અનુભવી છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૨૭.જે જીવાત્માને ધર્મ (શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો ભવ ભ્રમણનાં દુઃખો ટાળવાનો માર્ગ)ની આરાધનાનાં યોગોની અતિ દુર્ગમતા અને અતિ-અતિ દુર્લભતા અને અનેક મનુષ્યપણાંનાં યોગોમાં ક્યારેક જ પ્રાપ્ત થતી સ્થિતીની, પરિસ્થિતીની ભવ્યતાં માની છે, જાણી છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**જીવે અનંતીવાર ત્યાગ લીધો છતાં અનંત**
**ભવ ભ્રમણ ફરવાનું ''કારણ શું?''**
**ત્યાગને એક પણ વખત**
**વૈરાગ્યમાં ન ફેરવ્યો.**

૨૮.જે જીવાત્માને શાસ્ત્રો સ્વરૂપ તત્વ એવા મુખ્ય, જીવ-અજીવમાં દ્રઢત્વ ધારણ કરવાની બળવાન ઝુરણાં જાગી છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૨૯.જે જીવાત્માએ જીવ-અજીવનું દ્રઢત્વ ધારણ કરવા ''અજ્ઞાન'' ટાળ્યું છે. (જીવ-અજીવનો ભેદ પામવા માટેની સમજણ જાણી છે-માની છે) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૩૦.જે જીવાત્માને જીવ-અજીવનો ભેદ પામવા માટે રાગ-દ્વેષની મંદતા કરવા અને મંદ થયેલા રાગ-દ્વેષનાં ક્ષય કરવાની આરાધનાં કરે છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**સંસાર અનિવાર્ય છે,**
**સંસારભાવ અનિવાર્ય નથી.**
**વૈરાગ્ય અનિવાર્ય છે,**
**ત્યાગ અનિવાર્ય નથી.**

૩૧.જે જીવાત્માને જીવ-અજીવનું સ્પષ્ટપણું બળવાનપણે જાણવું છે, માનવું છે અને તે માટે મુખ્ય એવા ચાર કષાયોનું મંદપણું કરવું અને ક્ષય કરવાની વૃતિ ધારણ કરી છે. (અહિંસકપણું અને નિર્ભયપણાં માટે) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૩૨.જે જીવાત્માને જીવ-અજીવનું ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને તે ભેદજ્ઞાન અનુભવવાની અભિલાષા બળવાન બની છે અને તે અભિલાષા પૂર્ણ કરવાં પાંચ ઈન્દ્રિયોનાં વિષયોની ગુલામીમાંથી મુક્ત થઈને (દેહનું દાસત્વ ટાળીને સ્વામીત્વ ધારણ કરવા) તે વિષયોને વાળીને ક્ષય કરવાની સત્યતા સ્વિકારી છે (ભાવથી, વિચારોથી, ઈચ્છાથી, દ્રષ્ટિથી, વાણીથી, સમજણથી, વર્તનથી, વ્યવહારથી) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૩૩.જે જીવાત્માને જીવ-અજીવ તત્વ માટે માન અને નામની મંદતા અને ક્ષય (વિસ્મરણ) કરવું છે તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

**જીવને કર્મનાં કારણનું કારણ ન મળ્યું,**
**માટે**
**કારણનું મરણ ન થયું.**

૩૪.જે જીવાત્માને જીવ અને અજીવ તત્વનાં અનુભવ માટે દેહનું અભિમાન ટાળવું છે અને આત્માનું ગૌરવ પામવું છે (આ ભવમાં અજ્ઞાનતાથી પ્રાપ્ત થયેલું અને વધારેલું વ્યક્તિત્વને ગોપાવીને નવું આત્મીક ગુણો પ્રગટેલું નવું વ્યક્તિત્વ પ્રાપ્ત કરવું છે) તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૩૫.જે જીવાત્માને જીવ-અજીવ તત્વની પ્રાપ્તી અર્થે (જાણવામાં-માનવામાં અને શ્રધ્ધવામાં) અહંકાર, અભિમાન, સુખભાવ, સ્વાર્થભાવ, માનભાવ, નામભાવ અને દેહભાવનો ટાળવાનો ઉગ્ર પુરૂષાર્થ કરે છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ આપવો ગમે છે.

૩૬.જે જીવાત્માને જીવ-અજીવની ગ્રંથીભેદ (દ્રષ્ટિભેદ) કરવો છે અને તે ભેદની જેમાં જાણકારી આપી છે, તેવાં પરમ ઉપકારી શાસ્ત્રો (જગતનું સર્વશ્રેષ્ઠ સમ્યકજ્ઞાન) કે જે જીવન કરતાં પણ અતિ પ્યારૂં (જીવન-મરણ ટાળનારૂં) તે શાસ્ત્રોનો મર્મ ધારણ કરીને આત્મામાંથી શાસ્ત્રો પ્રકાશવનાર અને જગત તરફ અહિંસકભાવ અને નિર્ભયતાનો ભાવ જગાડનાર અને તેથી પ્રાપ્ત થતું અહિંસકપણું અને નિર્ભયપણું (જગને આદરભાવે અને ઉપકારીભાવે ગણવાથી) અને સર્વ જીવોને સમ ગણવા માટે (રાગ-દ્વેષ ટાળવા) જગતનાં સર્વ ધર્મોનો આદર, અને સર્વ જીવોની યથાસ્થિતી માન્ય કરીને (સ્વિકારીને) સર્વ જીવો પ્રત્યે નિષ્કામ કરૂણાંદ્રષ્ટિ ધારણ કરીને જે મહાત્મા પોતાની સાધનાને પૂર્ણ કરવા માટે અતિ જાગૃત છે, તેવાં મહાત્માને નિશ્ચયબોધ (લેવાનાં ભાવ સાથે) આપવો ગમે છે.

**જીવ ત્યાગને તપાવે તો તેજસ્વીપણું પ્રગટે,**
**''પણ જો''**
**ત્યાગીપણાંને તપાવે તો તામસીપણું પ્રગટે.**

આપણે ઉપરનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરી એવા અનેક ગુણો અને લક્ષણો ધારણ કરેલા જીવાત્માઓ (શ્રી સાધુપણાંનાં કે સંસારીપણાંનાં) મહાત્માઓ નિશ્ચયબોધ કહો કે સિધ્ધાંતબોધ કહો કે આત્મબોધ કહો યા મોક્ષમાર્ગી બોધ કહો, જે નામ આપવું હોય તે આપી શકાય, દરેક નામોનો અર્થ એક જ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીએ આપેલો બોધ અને જેમને મન શ્રી પરમાત્માનું પરમ ઉપકારીપણું હૃદયમાં સ્થપાયું છે અને જેમને જીવનમાં શ્રી પરમાત્માનાં નામ-બોધનું સર્વ શ્રેષ્ઠપણું જાણ્યું છે, માન્યું છે અને અનુભવ્યું છે અને બીજા બાળજીવોને નિષ્કામ ભાવે અનુભવરાવવું છે, તેવાં મહાત્માઓને નિશ્ચયબોધ (આત્મબોધ) આપવો ગમે છે અને જ્યારે બાળજીવો ગ્રહણ કરે ત્યારે આપનાર પરમ આનંદની પરમ શીતળતા અને પ્રસન્નતાં અનુભવે અને ત્યારે નિશ્ચયબોધ (સિધ્ધાંતબોધ) આપનાર પોતાનાં જીવનની સાર્થકતા અને ધન્યતા અનુભવે. વિશેષ વિચારણાં યોગે કરીને ભાવિ લેખાંકોમાં કરશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.